ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 15 ■ તારીખ : 5, નવેમ્બર, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

દેશની ૫૫,૫૦૦થી વધુ PACS બની ડિજિટલ સેવા કેન્દ્રો; ગામડાંમાં ૩૦૦થી વધુ સેવાઓ ઉપલબ્ધ

- **જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૫૫,૫૪ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ CSC તરીકે કાર્યરત; ગ્રામ્ય નાગરિકોને બેંકિંગ, વીમા, આધાર અને ટિકિટ બુકિંગ સહિતની સેવાઓનો લાભ**
- **કૃષિ ધિરાણથી આગળ વધીને પેક્સ ગામડાંઓ માટે વન-સ્ટોપ સેવા કેન્દ્રો તરીકે ઉભરી રહ્યાં છે**

નવી દિલ્હી: દેશની પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) હવે પરંપરાગત કૃષિ ધિરાણની ભૂમિકાથી આગળ વધીને ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ અને નાગરિકલક્ષી સેવાઓનાં કેન્દ્રો બની રહી છે. કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલયની 'PACS સે પ્રગતિ' પહેલ હેઠળ જુલાઈ ૨૦૨૬ સુધીમાં દેશભરની ૫૫,૫૧૪ PACS કોમન સર્વિસ સેન્ટર (CSC) તરીકે કાર્યરત થઈ છે. સહકાર મંત્રાલયે 'પેક્સ સે પ્રગતિ' અભિયાન અંતર્ગત આ પહેલને વિશેષ મહત્ત્વ આપ્યું છે. આ પહેલનો ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ સેવાઓની પહોંચ વધારવાનો અને ગ્રામીણ નાગરિકોને સશક્ત બનાવવાનો છે. આ મંડળીઓ દ્વારા ગ્રામ્ય નાગરિકોને બેંકિંગ, વીમા, આધાર નોંધણી અને સુધારા, પાનકાર્ડ સંબંધિત સેવાઓ, આરોગ્ય સેવાઓ તથા રેલવે, બસ અને હવાઈ ટિકિટ બુકિંગ સહિતની ૩૦૦થી વધુ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

નવેમ્બર ૨૦૨૪માં CSC તરીકે કાર્યરત PACSની સંખ્યા ૪૦,૨૧૪ હતી, જે વધીને જુલાઈ ૨૦૨૬માં ૫૫,૫૧૪ થઈ છે. આ વધારો ગ્રામ્ય સ્તરે ડિજિટલ સેવાઓના વિસ્તરણમાં PACSની વધતી ભૂમિકા દર્શાવે છે. પેક્સને સ્થાનિક સ્તરે ડિજિટલ સેવાઓનાં કેન્દ્રો બનાવીને ગ્રામજનોને રોજિંદાં કામકાજ અને આવશ્યક સેવાઓ માટે દૂરનાં શહેરો કે નગરોમાં જવાની જરૂરિયાત ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ પહેલ સહકાર મંત્રાલય, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય (MeitY), નેશનલ બેન્ક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) અને CSC ઈ-ગવર્નન્સ સર્વિસિસ ઇન્ડિયા લિમિટેડના સંયુક્ત




સહયોગથી અમલમાં મૂકવામાં આવી છે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ પેક્સની પરંપરાગત ભૂમિકામાં વૈવિધ્ય લાવવાનો છે. અત્યાર સુધી પેક્સ મુખ્યત્વે કૃષિ ધિરાણ સાથે સંકળાયેલી રહી છે. જોકે, આદર્શ પેટાનિયમો (મોડેલ બાયલૉઝ) અપનાવવાથી હવે આ મંડળીઓ 25થી વધુ પ્રકારની વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરી શકે છે. પરિણામે, તેમને ગ્રામ્ય વિસ્તારોની વિવિધ આર્થિક અને સામાજિક જરૂરિયાતો પૂરી કરતી બહુહેતુક સંસ્થાઓ તરીકે વિકસાવવા પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. અગાઉ મુખ્યત્વે ખેડૂતોને કૃષિ ધિરાણ અને સંબંધિત સેવાઓ પૂરી પાડતી મંડળીઓ હવે વિવિધ ડિજિટલ, નાણાકીય અને નાગરિકલક્ષી સેવાઓ માટે પણ ઉપયોગી બની રહી છે.

ડિજિટલ સેવાઓનો આ કાર્યક્રમ કેન્દ્ર સરકારની પેક્સ કમ્પ્યુટરાઇઝેશન યોજનાને પણ પૂરક બને છે. આ યોજનાનો હેતુ પેક્સને એકસમાન એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) પ્લેટફોર્મ પર લાવવાનો છે. આ વ્યવસ્થા દ્વારા હિસાબી કામગીરીમાં સુધારો, પારદર્શિતા, કાર્યક્ષમતા અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તથા રાજ્ય સહકારી બેંકો સાથે સંકલન વધારવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. PACSના કમ્પ્યુટરાઇઝેશન અને એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) પ્લેટફોર્મના ઉપયોગ દ્વારા હિસાબી વ્યવસ્થા, દસ્તાવેજીકરણ, વ્યવહારોની નોંધ અને વહીવટી કામગીરીને વધુ સુવ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ડિજિટલ વ્યવસ્થાથી મંડળીઓની

અનુસંધાન પાના નંબર : 2

ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડને ખેડૂતોની ઓળખ ચકાસવા આધાર ઓથેન્ટિકેશનની મંજૂરી



ખેડૂતો માટે આધાર ફરજિયાત નહીં; સંમતિ આધારિત ચકાસણી અને વૈકલ્પિક ઓળખ પુરાવાની સુવિધા

નવી દિલ્હી : સહકારી બીજ ક્ષેત્રમાં પારદર્શિતા વધારવા અને બીજની ખરીદી તથા વિતરણ વ્યવસ્થામાં વાસ્તવિક ખેડૂતોની ભાગીદારી સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકારે ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)ને તેના ડિજિટલ પોર્ટલ પર નોંધણી કરાવતા ખેડૂતોની ઓળખ ચકાસવા માટે આધાર ઓથેન્ટિકેશન કરવાની મંજૂરી આપી છે. આ વ્યવસ્થા ખેડૂતોની ઓળખની ચકાસણીને વધુ સુવ્યવસ્થિત બનાવવાની સાથે સહકારી બીજ વિતરણ પ્રણાલીને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે.

સહકાર મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી સૂચના અનુસાર, બીબીએસએસએલ તેના ડિજિટલ પ્લેટફોર્મ પર ખેડૂતોની નોંધણી અને મંજૂરીની પ્રક્રિયા દરમિયાન આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરી શકશે. આ વ્યવસ્થાનો મુખ્ય હેતુ પોર્ટલ મારફતે બિયારણની ખરીદી અને વિતરણની પ્રક્રિયામાં માત્ર વાસ્તવિક ખેડૂતો જ ભાગ લે તે સુનિશ્ચિત કરવાનો છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય દ્વારા ૨૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ UIDAI સાથે પરામર્શ કર્યા બાદ આ મંજૂરી આપવામાં આવી હતી. આ જોગવાઈ આધાર અધિનિયમ, ૨૦૧૬ અને આધાર ઓથેન્ટિકેશન ફોર ગુડ ગવર્નન્સ નિયમો, ૨૦૨૦ હેઠળ કરવામાં આવી છે.

કેન્દ્રીય સહકાર મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે આધાર ઓથેન્ટિકેશન સંપૂર્ણપણે સ્વૈચ્છિક રહેશે અને ચકાસણી પહેલાં આધારધારકની સંમતિ લેવી જરૂરી રહેશે. કોઈ ખેડૂત આધાર ચકાસણી કરાવવાનો ઇનકાર કરે અથવા તે કરાવવામાં

અનુસંધાન પાના નંબર : 2


નાણાકીય સમાવેશને સહકારી બેંકોનો સહકાર: 19 લાખ લાભાર્થીઓ સુધી પહોંચી બેંકિંગ સેવાઓ

નવી દિલ્હી: પ્રધાનમંત્રી જનધન યોજના (PMJDY) હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં નાણાકીય સમાવેશને વિસ્તૃત કરવામાં ગ્રામ્ય સહકારી બેંકો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર, આ બેંકો દ્વારા આશરે ૧૯ લાખ લાભાર્થીઓને જનધન યોજના સાથે જોડવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક લોકો સાથે સીધો સંપર્ક, બેંકિંગ સેવાઓની ઉપલબ્ધતા અને નાણાકીય જાગૃતિ વધારવામાં સહકારી બેંકોની હાજરી આ દિશામાં ઉપયોગી બની રહી છે.

ગ્રામ્ય સહકારી બેંકોની વિશેષતા એ છે કે તેઓ ગ્રામ્ય સમુદાયો અને સહકારી માળખા સાથે નજીકથી જોડાયેલી છે. આ કારણે બેંકિંગ સેવાઓથી દૂર રહેલા પરિવારો સુધી પહોંચવામાં, ખાતું ખોલાવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં અને લોકોને ઔપચારિક બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવામાં તેઓ સહાયક બની શકે છે. જનધન ખાતાઓના માધ્યમથી લાભાર્થીઓને બચતની ટેવ વિકસાવવા, સરકારી યોજનાઓના લાભ સીધા ખાતામાં મેળવવા અને ઉપલબ્ધ બેંકિંગ સેવાઓનો ઉપયોગ કરવા માટેનું માળખું મળે છે.

૧૪ ઑક્ટોબર, ૨૦૨૬ સુધીમાં દેશમાં જનધન ખાતાઓની કુલ સંખ્યા વધીને ૫૯.૫૯ કરોડ થઈ હતી, જ્યારે આ ખાતાઓમાં કુલ ₹૩.૨૪ લાખ કરોડની થાપણો નોંધાઈ હતી. પ્રતિ ખાતું સરેરાશ બેલેન્સ વધીને ₹૫,૪૩૮ થયું હતું, જે ઑગસ્ટ મહિનામાં ₹૫,૩૫૬ હતું. આ સમયગાળા દરમિયાન આશરે

અનુસંધાન પાના નંબર : 2



દેશમાં જનધન ખાતાઓની સંખ્યા ૫૯.૫૯ કરોડે પહોંચી; ગ્રામ્ય સહકારી બેંકો દ્વારા નાણાકીય સમાવેશને વેગ

પીએમ-કિસાન, એગ્રીસ્ટેક અને ફસલ વીમા સહિતની યોજનાઓની માહિતી એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર મળશે

કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે અપગ્રેડેડ 'એગ્રી વેલ્ફેર પોર્ટલ'નો પ્રારંભ કર્યો

નવી દિલ્હી: ખેડૂતો માટે કૃષિ સેવાઓને ડિજિટલ માધ્યમથી વધુ સુલભ બનાવવાની દિશામાં કેન્દ્ર સરકારે વધુ એક પગલું ભર્યું છે. ખેડૂતોને સરકારી યોજનાઓ, નાણાકીય સહાય અને ખેતી સંબંધિત વિશ્વસનીય માહિતી સરળતાથી ઉપલબ્ધ કરાવવાના હેતુથી કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે અપગ્રેડેડ 'એગ્રી વેલ્ફેર પોર્ટલ'નો પ્રારંભ કર્યો છે. આ ડિજિટલ પહેલ દ્વારા પીએમ-કિસાન, એગ્રીસ્ટેક અને પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના સહિતની વિવિધ યોજનાઓની માહિતી એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે. આથી ખેડૂતોને યોજનાઓની પાત્રતા, સબસિડી, અરજી પ્રક્રિયા અને સંબંધિત સેવાઓ માટે અલગ-અલગ કચેરીઓ કે વેબસાઇટનો સંપર્ક કરવાની જરૂરિયાત ઘટશે.

આ પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના વિઝન અને ખેડૂત કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે. આ પોર્ટલનો ઉદ્દેશ વહીવટી પ્રક્રિયાઓમાં આવતી અડચણો દૂર કરવાનો, વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવાનો અને ખેડૂતોને વિવિધ કચેરીઓની મુલાકાત લીધા વિના અથવા અલગ-અલગ વેબસાઇટ્સ પર સર્ચ કર્યા વિના જરૂરી સરકારી સેવાઓ એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવાનો છે.

પોર્ટલના લોકાર્પણ કાર્યક્રમને સંબોધતાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે વડાપ્રધાનનું વિઝન એવું છે કે સરકાર ખાસ કરીને



ખેડૂતો સહિત તમામ નાગરિકો માટે તેમના મોબાઇલ ફોન દ્વારા સરળતાથી ઉપલબ્ધ હોવી જોઈએ. ટેક્નોલોજીનો સાચો હેતુ ત્યારે જ સિદ્ધ થાય છે, જ્યારે તે ખેતરો અને ગ્રામીણ સમુદાયો સુધી પહોંચીને લોકોનું જીવન સરળ બનાવે. અપગ્રેડેડ પોર્ટલ પીએમ-કિસાન (PM-KISAN), એગ્રીસ્ટેક (AgriStack) અને પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના સહિતની મુખ્ય કૃષિ પહેલો માટે એક સંકલિત ડિજિટલ પ્રવેશદ્વાર તરીકે કાર્ય કરશે. ખેડૂતો એક જ પ્લેટફોર્મ પરથી સરકારી યોજનાઓ, સબસિડી, પાત્રતાના માપદંડો, નિયમો અને ડિજિટલ સેવાઓ અંગેની માહિતી મેળવી શકશે.

પારદર્શિતાના મહત્ત્વ પર ભાર મૂકતાં શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે, ઓનલાઇન પાત્રતા ચકાસણી, અરજી કરવાની સુવિધા અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા સરકારી સહાય મેળવવાની પ્રક્રિયાને વધુ સરળ અને સુવ્યવસ્થિત બનાવી શકાશે. તેનાથી વચેટિયાઓની ભૂમિકા ઘટાડવામાં પણ મદદ મળશે. આ પોર્ટલની રચના ગ્રામીણ વપરાશકર્તાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. તેની હળવી ટેક્નિકલ રચના અને મોબાઇલ-અનુકૂળ ઇન્ટરફેસને કારણે મર્યાદિત ઇન્ટરનેટ સુવિધા ધરાવતા વિસ્તારોમાં પણ સામાન્ય સ્માર્ટફોન પર તેનો સરળતાથી ઉપયોગ કરી શકાશે.

આ પોર્ટલ દ્વારા હવામાનની સ્થિતિ, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ, બિયારણ અને ખાતરની ઉપલબ્ધતા તથા કૃષિ પેદાશોના પ્રવર્તમાન બજારભાવ અંગેની વિશ્વસનીય માહિતી પણ પૂરી પાડવામાં આવશે.

વિશ્વસનીય માહિતીના મહત્ત્વ પર ભાર મૂકતાં કેન્દ્રીય કૃષિ મંત્રીએ અધિકારીઓને પોર્ટલ પરની માહિતી સચોટ અને નિયમિત રીતે અપડેટ રહે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. તેમણે ચેતવણી આપી હતી કે જૂની અથવા અધૂરી માહિતી ડિજિટલ સેવાઓ પ્રત્યે ખેડૂતોના વિશ્વાસને નુકસાન

અનુસંધાન પાના નંબર : 2

કૃષિ પેદાશોની ખરીદી માટે ધિરાણ આપવામાં સહકારી બેંકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા

અનુસૂચિત સહકારી બેંકોનું ફૂડ ક્રેડિટ રૂ. 52,074 કરોડે સ્થિર: RBI

નવી દિલ્હી:- સરકાર અને તેની વિવિધ એજન્સીઓ (જેમ કે FCI અને રાજ્યની ખરીદ એજન્સીઓ) દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે (MSP) અનાજ ખરીદવામાં આવે છે. આ ખરીદી પ્રક્રિયાને સમયસર પૂર્ણ કરવા માટે સહકારી બેંકો દ્વારા 'ફૂડ ક્રેડિટ' પૂરું પાડવામાં આવે છે. તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના રિપોર્ટ અનુસાર, શેડ્યૂલ્ડ સહકારી બેંકોનું ફૂડ ક્રેડિટ ધિરાણ રૂ. 52,074 કરોડ પર સ્થિર રહ્યું છે, જે કૃષિ ખરીદીમાં આ ક્ષેત્રનું સતત અને નોંધપાત્ર યોગદાન દર્શાવે છે. અગાઉના પખવાડિયા એટલે કે 15 સપ્ટેમ્બર, 2026ની સરખામણીમાં આ આંકડામાં કોઈ ફેરફાર થયો નથી.

RBIના ભારતમાં અનુસૂચિત બેંકોની સ્થિતિ અંગેના નિવેદન મુજબ, 30 સપ્ટેમ્બર, 2026ના રોજ અનુસૂચિત વાણિજ્યિક બેંકોનું ફૂડ ક્રેડિટ બાકી લેણું રૂ. 96,286.36 કરોડ હતું, જે 15 સપ્ટેમ્બર, 2026ના રોજ રૂ. 1,09,721.49 કરોડ નોંધાયું હતું.

વાણિજ્યિક (કમર્શિયલ) બેંકોની તુલનામાં સહકારી બેંકોનું ત્રિ-સ્તરીય માળખું (રાજ્ય બેંક, જિલ્લા સહકારી બેંક અને ગ્રામીણ સેવા સહકારી મંડળીઓ - PACS) ગામડાંના અંતરિયાળ વિસ્તારો સુધી ફેલાયેલું છે. જેના કારણે નાના અને સીમાંત ખેડૂતોને બિયારણ, ખાતર અને ખેતી કામ માટે સમયસર તથા વ્યાજ રાહત સાથે પાક ધિરાણ મળી રહે છે. જેમાં અનુસૂચિત સહકારી બેંકિંગ ક્ષેત્રમાં 26 અનુસૂચિત રાજ્ય સહકારી બેંકો અને 55 અનુસૂચિત પ્રાથમિક શહેરી સહકારી બેંકોનો સમાવેશ થાય છે. બીજી તરફ, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સ્મોલ ફાઇનાન્સ બેંકો અને પેમેન્ટ્સ બેંકો સહિત

અનુસંધાન પાના નંબર : 2



બગસરા નાગરિક શરાફી મંડળીની 52મી વાર્ષિક સાધારણ સભા મળી

બોટાદ : બોટાદ જિલ્લાના તીર્થધામ વિહળધામ પાળિયાદ ખાતે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની 42મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં બગસરા, અમરેલી, ચલાલા, ધારી, લીલીયા, રાજકોટ, અમદાવાદ, વડોદરા સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિહળધામ-પાળિયાદના મહામંડલેશ્વર નિર્મળાબાએ મંડળી સતત પ્રગતિના નવા શિખરો સર કરે, સહકારથી સમૃદ્ધિના ધ્યેયને વધુ મજબૂત બનાવે અને સમાજના છેવાડાના માનવી સુધી આર્થિક વિકાસના લાભ પહોંચાડતી રહે તેવા આશીર્વચન પાઠવ્યા હતા.

ભયલુબાપુએ જણાવ્યું હતું કે ઝવેરચંદ મેઘાણીજીની કર્મભૂમિ બગસરાથી વિહળધામ ખાતે વાર્ષિક સાધારણ સભાનું આયોજન થવું ગૌરવની બાબત છે. બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા છેલ્લા 42 વર્ષથી સહકારી ક્ષેત્રે કરાયેલ સેવાકાર્ય, પારદર્શક વહીવટ, સભાસદ કેન્દ્રિત અભિગમ અને સતત પ્રગતિની પ્રશંસા કરવામાં આવી હતી.

ગુજરાતમાં પ્રથમ ક્રમે સ્થાન પ્રાપ્ત કરનાર આ મંડળીના ચેરમેનશ્રી રશ્મિનભાઈ ડોડીયા તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજમેન્ટ અને સભાસદોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

તાલાલા સહકારી મંડળીની 68મી સાધારણ સભા સંપન્ન

તાલાલા : તાલાલા પંથકની પ્રથમ હરોળની તાલાલા સહકારી મંડળીની 68 મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના પ્રમુખશ્રી ગોરધનભાઈ વસોયાના અધ્યક્ષસ્થાને મળી હતી. આ સભામાં સંસ્થાના તાલાલા અને ગલીયાવડ ગામના 167 ખેડૂત સભાસદોએ ભાગ લીધો હતો.

બંને ગામના ખેડૂતોના સહકારને કારણે સંસ્થાએ 3.14 લાખ 82 હજાર 720 ચોખ્ખો નફો કર્યો છે.નફામાંથી સંસ્થાના ખેડૂત સભાસદોને 11.5 ટકા ડિવિડંડ આપવાની સંસ્થાના પ્રમુખે જાહેરાત કરી હતી, જેને ખેડૂતોએ વધાવી લીધી હતી.આ વર્ષે બંને ગામના ખેડૂત સભાસદોને રૂ.5 કરોડ 95 લાખ 99 હજારનું ધિરાણ કરવામાં આવ્યું હોવાની વિગતો સંસ્થાના પ્રમુખે આપી હતી.

ખેડૂત સભાસદોએ લીધેલા ધિરાણ 100 ટકા સમયસર ભરપાઈ કરી સંસ્થાની પ્રગતિમાં સહભાગી થવા બદલ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીએ ખેડૂતોનો આભાર વ્યક્ત કર્યો હતા.

સોલાર રૂફટોપ... પાના નં. 4નું અનુસંધાન

- એસસી-એસટી કેટેગરી ગ્રાહકને 5 ટકા લેખે રૂ. 2,700નો ફાળો આપવા પડશે

2 કિલોવોટ ક્ષમતાના સોલાર રુફ ટોપ માટે :

- બેન્ચમાર્ક ખર્ચ રૂ. 1,07,200 થશે
- કેન્દ્ર સરકારની સહાય રૂ. 62,800 થશે
- ગુજરાત સરકાર સામાન્ય કેટેગરી માટે રૂ. 33,600ની સહાય આપશે
- એસસી-એસટી કેટેગરી માટે : 3, 38,960 સહાય આપશે
- તો, લાભાર્થીએ આપવાનો થતો ફાળો આપવો પડશે ?
- સામાન્ય ગ્રાહકને 10 ટકા લેખે રૂ. 10,020નો ફાળો આપવો પડશે
- એસસી-એસટી કેટેગરી ગ્રાહકને 5 ટકા લેખે રૂ. 5,360નો ફાળો આપવો પડશે.

ખેતરમાં સોલાર પેનલ ... પાના નં. 4નું અનુસંધાન

દિવસ દરમિયાન વીજળી મેળવવામાં મદદ મળી રહી છે.

આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના પ્રતિનિધિઓ, નીતિનિર્માતાઓ, વૈજ્ઞાનિકો અને ખેડૂતો એકત્રિત થયા હતા. એગ્રીવોલ્ટેઇક્સના જાણકારીપૂર્ણ અને ખેતરસ્તરે અસરકારક અમલીકરણને ટેકો આપવા માટે જરૂરી તકનીકી સાધનો તથા સંદેશાવ્યવહાર સામગ્રીનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર પહેલનો મુખ્ય સંદેશ સ્પષ્ટ છે કે સૌર ઊર્જાના વિસ્તરણથી ખેતીને નુકસાન થવું જોઈએ નહીં, પરંતુ ખેતીને પૂરક સહાય મળવી જોઈએ. એગ્રીવોલ્ટેઇક્સ દ્વારા ખેડૂતો એક જ જમીનમાંથી પાક અને સ્વચ્છ વીજળી એમ બંનેના માધ્યમથી આવક મેળવી શકે છે. સાથે જ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની નવી તકોનું સર્જન થઈ શકે છે. આ પહેલથી ગ્રામ્ય વિસ્તારોમાં આશરે ૩.૩૨ લાખ પૂર્ણકાલીન રોજગારીની તકો ઊભી થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સોલાર પેનલની સ્થાપના, જાળવણી અને સંબંધિત સેવાઓ દ્વારા સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થઈ શકે છે. ખેડૂતોને વધારાની આવક મળે તો ગ્રામ્ય અર્થતંત્રને પણ વેગ મળી શકે છે. જોકે, એગ્રીવોલ્ટેઇક્સના સફળ અમલીકરણ માટે વીજળીના ઉત્પાદન અને વેચાણનું યોગ્ય આયોજન, સમયસર વળતર, વિશ્વસનીય વીજજોડાણ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સોલાર પેનલ દૂર કરવાની જવાબદારી જેવા મુદ્દાઓનું નિરાકરણ જરૂરી છે.

એગ્રીવોલ્ટેઇક્સનો મુખ્ય ઉદ્દેશ ખેતીનું સ્થાન લેવાનો નહીં, પરંતુ ખેતીની સાથે સ્વચ્છ ઊર્જાનું ઉત્પાદન વધારવાનો છે. યોગ્ય નીતિ, ટેક્નોલોજી અને ખેડૂતલક્ષી અમલીકરણ દ્વારા આ પદ્ધતિ ખેડૂતોની આવક વધારવા, જમીનનો બહેતર ઉપયોગ કરવા અને દેશના સ્વચ્છ ઊર્જા લક્ષ્યાંકોને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

સહકારથી સમૃદ્ધિ'ને, ... પાના નં. 4નું અનુસંધાન

વ્યવસ્થા સાથે જોડાવાથી તેમને પ્રતિ લિટર ₹55 સુધીનો ભાવ મળી શકે છે. આ સરખામણી વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડીને ખેડૂતોને સંગઠિત સહકારી માર્કેટિંગ વ્યવસ્થા સાથે સીધા જોડવાથી મળતા સંભવિત લાભો દર્શાવે છે. જોકે, વાસ્તવિક ખરીદભાવ દૂધની ગુણવત્તા, ફેટ, એસએનએફ અને સ્થાનિક બજારની પરિસ્થિતિ પર આધારિત રહે છે.

આ પહેલ કેન્દ્ર સરકારના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ બની શકે છે. ડેરી સહકારી માળખાના વિસ્તરણથી ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારીની તકો વધારવા, પશુપાલકોની આર્થિક સ્થિતિ મજબૂત કરવા અને દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓને વેગ આપવાની સંભાવના છે. ખાસ કરીને પશુપાલન ક્ષેત્રે મહિલાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ધ્યાનમાં લેતાં, સહકારી મંડળીઓમાં તેમની ભાગીદારી અને આર્થિક સશક્તીકરણને પણ પ્રોત્સાહન મળી શકે છે.

આ પહેલની સફળતા માટે દૂધ સંગ્રહ અને કોલ્ડસ્ટોરેજ સુવિધાઓ, પરિવહન, ગુણવત્તા પરીક્ષણ, અસરકારક વ્યવસ્થાપન તથા સમયસર ચુકવણીની વ્યવસ્થા મજબૂત બનાવવી જરૂરી રહેશે. નવ રાજ્યોની અંદાજે ૨૦,૦૦૦ ગ્રામ્ય સહકારી મંડળીઓને જોડવાનો આ પ્રયાસ યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તો તે દૂધ ઉત્પાદકોને સંગઠિત બજાર સાથે સાંકળી ગ્રામ્ય અર્થતંત્રને વધુ વેગ આપવાની દિશામાં ઉપયોગી સાબિત થઈ શકે છે. ગામ સ્તરે દૂધ એકત્રિત કરવાનાં કેન્દ્રોને સંકલિત રાષ્ટ્રીય માળખા સાથે જોડીને ડેરી સહકારી સંસ્થાઓને વધુ સુલભ અને વ્યવસાયિક રીતે સક્ષમ બનાવવાનો આ પહેલનો હેતુ છે. આ પહેલની સફળતા અસરકારક અમલીકરણ, પારદર્શક ચુકવણી વ્યવસ્થા, વ્યવસાયિક સંચાલન અને છેવાડાના દૂધ ઉત્પાદકો સુધી લાભ પહોંચાડવાની ક્ષમતા પર આધારિત રહેશે.

દેશની ૫૫,૫૦૦થી, ... પાના નં. 1નું અનુસંધાન

કામગીરીમાં પારદર્શિતા વધારવાની અને વહીવટી પ્રક્રિયાઓને સરળ બનાવવાની સંભાવના છે.

સહકાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, પેક્સની ડિજિટલ ક્ષમતામાં વધારો થવાથી તેમની આવકનાં નવાં સાધનો વિકસાવી શકાશે અને છેવાડાના સ્તરે સેવાઓની પહોંચ પણ સુધારી શકાશે. આ વ્યાપક પ્રયાસના ભાગરૂપે પેક્સના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાવર્ધન કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે, જેથી તેઓ ડિજિટલ વ્યવહારો અને નાગરિકલક્ષી સેવાઓનું અસરકારક સંચાલન કરી શકે. આ પહેલથી ગ્રામ્ય નાગરિકોને આધાર, પાનકાર્ડ, વીમા, બેંકિંગ અને ટિકિટ બુકિંગ જેવી સેવાઓ માટે દૂરનાં શહેરો કે તાલુકા મથકો સુધી જવાની જરૂરિયાત ઘટી શકે છે. ગામમાં જ સેવાઓ ઉપલબ્ધ થવાથી સમય અને મુસાફરીના ખર્ચમાં બચત થવાની સાથે ડિજિટલ સેવાઓનો વ્યાપ પણ વધશે.

PACSને ડિજિટલ સેવા કેન્દ્રો તરીકે વિકસાવવાનો આ પ્રયાસ કેન્દ્ર સરકારના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝન સાથે સુસંગત છે. યોગ્ય તાલીમ, ટેક્નોલોજીકલ માળખું અને સેવાઓની ગુણવત્તા જાળવી રાખવામાં આવે તો આ મંડળીઓ ગ્રામ્ય વિકાસ, રોજગારી અને સહકારી ક્ષેત્રની આર્થિક સધ્ધરતામાં વધુ અસરકારક ભૂમિકા ભજવી શકે છે.

પીએમ-કિસાન, ... પાના નં. 1નું અનુસંધાન

પહોંચાડી શકે છે. તેથી પોર્ટલનું સતત નિરીક્ષણ અને સમયસર માહિતી સુધારવી જરૂરી છે.

શ્રી ચૌહાણે એ બાબત પર પણ ભાર મૂક્યો હતો કે પોર્ટરની ભાષા અને પ્રક્રિયાઓ એટલી સરળ હોવી જોઈએ કે મર્યાદિત ઔપચારિક શિક્ષણ ધરાવતા નાના અને સીમાંત ખેડૂતો પણ તેનો સરળતાથી ઉપયોગ કરી શકે.

ખેડૂતોમાં ડિજિટલ કૃષિ સેવાઓનો વ્યાપ વધારવા માટે દેશભરનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs) મારફતે વિશેષ તાલીમ અભિયાન હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમ દ્વારા ખેડૂતોને પોર્ટલ અને અન્ય ડિજિટલ સાધનોના ઉપયોગ અંગે પરિચિત કરવામાં આવશે, જેથી તેઓ ઉપલબ્ધ યોજનાઓ અને સેવાઓનો વધુ સારી રીતે લાભ લઈ શકે.

આ ડિજિટલ પ્લેટફોર્મ પર ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs), પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ (PACS–પેક્સ), કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધકો અને સ્ટાર્ટઅપ્સને પણ એકસાથે જોડવાની પરિકલ્પના કરવામાં આવી છે. આ વ્યાપક ડિજિટલ વ્યવસ્થાથી માહિતી મેળવવાનું સરળ બનશે અને ખેડૂતો, સંસ્થાઓ તથા કૃષિ ક્ષેત્રમાં નવીનતા લાવતા સાહસો વચ્ચેના જોડાણને મજબૂતી મળશે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલયની 'ડિજિટલ બ્રાન્ડ આઇડેન્ટિટી મેન્યુઅલ 3.0' અને 'ભારતીય સરકારી વેબસાઇટ્સ માટેની માર્ગદર્શિકા 3.0' અનુસાર વિકસાવવામાં આવેલા આ પોર્ટલમાં સુરક્ષા, સુલભતા અને મોબાઇલ પર સરળ ઉપયોગનાં ધોરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવ્યાંગજનો, ખાસ કરીને દૃષ્ટિની ક્ષતિ ધરાવતા વપરાશકર્તાઓ માટે પણ પોર્ટલ ઉપયોગી બને તે માટે સ્ક્રીન-રીડર સાથે સુસંગતતા અને સરળ નેવિગેશનની સુવિધા આપવામાં આવી છે.

શ્રી ચૌહાણે નિર્ધારિત સમયમર્યાદામાં અપગ્રેડેડ પોર્ટલ તૈયાર કરવા બદલ ટેક્નિકલ ટીમની પ્રશંસા કરી હતી.

આ લોકાર્પણ કાર્યક્રમમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ સચિવ અતીશ ચંદ્રા, અધિક સચિવ પ્રમોદ મેહરડા, ડિજિટલ એગ્રીકલ્ચર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તથા મંત્રાલય અને નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પહેલનો મુખ્ય હેતુ ડિજિટલ શાસનને છેવાડાના સ્તરે વધુ વ્યવહારુ અને અસરકારક બનાવવાનો છે, જેથી દેશભરના ખેડૂતોને સરકારી માહિતી અને સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે. પોર્ટલ દ્વારા ડિજિટલ ટેક્નોલોજી, સહકારી સંસ્થાઓ અને કૃષિ ક્ષેત્રના વિવિધ હિતધારકોને જોડીને ખેડૂતલક્ષી સેવાઓની પહોંચ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એગ્રી વેલ્ફેર પોર્ટલ ડિજિટલ ટેક્નોલોજી અને કૃષિ સેવાઓ વચ્ચેનું અંતર ઘટાડવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું બની શકે છે. તેની સફળતા ખેડૂતોમાં ડિજિટલ જાગૃતિ, વિશ્વસનીય માહિતીની ઉપલબ્ધતા અને ગ્રામ્ય સ્તરે અસરકારક અમલીકરણ પર નિર્ભર રહેશે.

સહકારી સંસ્થાઓના સુચારૂ સંચાલન માટે (ડિપ્લોમા ઈન કો.ઓપ.માર્કેટિંગ) ડી.સી.એમ.ની તાલીમ ખૂબ જરૂરી છે : શ્રી પ્રિંકલબેન એ.કીકાણી

શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,નડીયાદ મુકામે ડિપ્લોમા ઈન કો.ઓપરેટિવ મેનેજમેન્ટ કોર્સ સત્ર નં.-61નો શુભારંભ


નડીયાદ : ગુજરાત રાજય સહકારી સંઘ,અમદાવાદ સંચાલિત શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,નડીયાદ ખાતે ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ –ડી.સી.એમ.સત્ર નં.-61નો ઉદ્ઘાટન કાર્યક્રમ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુશ્રી પ્રિંકલબેન એ.કીકાણીના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો.

સમારંભનું દીપ પ્રગટાવી ઉદઘાટન કરતાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ સુશ્રી પ્રિંકલબેન એ જણાવ્યું કે,સહકારી મંડળીના સુચારૂ વહીવટ માટે આ તાલીમ ઘણી જ ઉપયોગી છે. સહકારી સંસ્થાના સુઘડ વહીવટ થકી ગ્રામ વિકાસ અને રાષ્ટ્ર નિમાર્ણમાં પણ સહકારી સંસ્થાઓ અગત્યનો ભાગ ભજવે છે.

અતિથિ વિશેષ સ્થાનેથી ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના શ્રી નિતીનભાઈ શાહે બેંકની વિવિધ પ્રકારની ધિરાણ યોજનાઓની માહિતી આપી હતી.

સમારંભના અતિથિ સ્થાનેથી આણંદ જિલ્લા સહકાર ભારતીના અધ્યક્ષ શ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું કે હું પણ આ તાલીમ કેન્દ્રનો એક તાલીમાર્થી છું. મે 1995માં તાલીમ મેળવ્યા પછી ઘણી બધી સહકારી સંસ્થાઓના વહીવટમાં મદદરૂપ થયો છું. તમો પણ તાલીમ મેળવી સારો વહિવટ ચલાવો તેવી શુભેચ્છા પાઠવી હતી. સમારંભના પ્રમુખ ગુજરાત રાજય સહકારી સંઘના આસિ.એકિઝકયુટીવ ઓફિસર અને કેન્દ્રના આચાર્ય શ્રી શીતલકુમાર પી.ભટ્ટે ગુજરાત રાજય સહકારી સંઘની સહકારી શિક્ષણ તાલીમ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડી તાલીમનું મહત્વ સમજાયું હતું.

આભાર દર્શન કેન્દ્રના અધ્યાપકશ્રી યુ. પી.વાઘેલાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના અધ્યાપક શ્રી વૈશાલીબેન રાવલે કર્યું હતું.



દેશમાં પ્લાસ્ટિક ચલણી નોટો લાવવાની તૈયારી : આગામી વર્ષથી પ્લાસ્ટિકની ચલણી નોટ ઉપલબ્ધ થશે

મુંબઈ : દેશમાં પ્લાસ્ટિક ચલણી નોટો નાણાકીય વર્ષ 2027-28થી ઉપલબ્ધ થશે તેની માહિતી આપતાં રિઝર્વ બેન્કના ગવર્નરશ્રી સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેન્ક આ માટે તૈયારી કરી રહી છે. પ્લાસ્ટિક નોટોને મોટા પાયે જારી કરતા પહેલા ગુણવત્તા ચકાસવા અને કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે હાલમાં ફિલ્ડ ટ્રાયલ ચાલી રહ્યા છે. રિઝર્વ બેન્ક નાણાકીય વર્ષ 2027-28 સુધીમાં પોલિમર ચલણી નોટો ચલણમાં રજૂ કરી શકે છે. તાજેતરમાં, નાણા મંત્રાલયે સંસદને માહિતી આપી હતી કે સરકારે 10 અને 20 રૂપિયાના મૂલ્યમાં પોલિમર નોટોના ફિલ્ડ ટ્રાયલ કરવાના RBIના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. જોકે, જૂના મૂલ્યની નોટ પણ ચાલુ રહેશે. પોલિમર નોટોમાં આધુનિક અને અદ્યતન સુરક્ષા સુવિધાઓ પણ સામેલ કરી શકાય છે. આમાં પારદર્શક બારીઓ અને અત્યાધુનિક સુરક્ષા તત્વોનો સમાવેશ થાય છે જે નકલી નોટોને રોકવામાં મદદ કરી શકે છે.

ફિલ્ડ ટ્રાયલ પછી જ પ્લાસ્ટિક નોટો ચલણમાં આવશે : પોલિમર બેંક નોટો માટેનો પાયલોટ પ્રોગ્રામ હાલમાં ચાલી રહ્યો છે. ભારતીય પરિસ્થિતિઓમાં તેમની અસરકારકતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે RBI બજારમાં નોટો રજૂ કરતા પહેલા વ્યાપક પરીક્ષણ કરશે. આ નોટોને વ્યાપકરીતે રજૂ કરવા અંગેનો અંતિમ નિર્ણય ફિલ્ડ ટ્રાયલ્સના પરિણામોના વિગતવાર મૂલ્યાંકન પછી જ લેવામાં આવશે.

કૃષિ પેદાશોની ખરીદી... પાના નં. 1નું અનુસંધાન

અનુસૂચિત વાણિજ્યિક બેંકોની કુલ સંખ્યા 120 છે.

આ આંકડા ખાદ્યપદાર્થોની ખરીદી તથા કૃષિ પેદાશોની સરકારી ખરીદીની કામગીરી માટે ધિરાણ પૂરું પાડવામાં સહકારી બેંકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા દર્શાવે છે. પખવાડિયા દરમિયાન ફૂડ ક્રેડિટ બાકી લેણું સ્થિર રહેવું એ કૃષિ ખરીદી વ્યવસ્થાને નાણાકીય સહાય પૂરી પાડવામાં સહકારી બેંકિંગ ક્ષેત્રની સતત ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે.

નાણાકીય સમાવેશને... પાના નં. 1નું અનુસંધાન

₹૭,૦૦૦ કરોડની નવી થાપણો ઉમેરાઈ હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

યોજનામાં ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોનું યોગદાન નોંધપાત્ર છે. કુલ જનધન ખાતાઓમાં આ વિસ્તારોની શાખાઓનો હિસ્સો આશરે ૭૮ ટકા છે, જ્યારે મહિલાઓનો હિસ્સો લગભગ પદ ટકા છે. આ આંકડા ગ્રામ્ય પરિવારો અને મહિલાઓને બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવાના પ્રયાસોની વ્યાપકતા દર્શાવે છે.

ગ્રામ્ય સહકારી બેંકો માટે જનધન યોજનાનું કાર્ય માત્ર ખાતાં ખોલાવવા પૂરતું મર્યાદિત નથી. ખાતાઓનો સક્રિય ઉપયોગ વધારવો, લાભાર્થીઓને ડિજિટલ અને સુરક્ષિત વ્યવહારો અંગે સમજ આપવી, સરકારી સહાયની સીધી ચુકવણી અંગે માર્ગદર્શન પૂરું પાડવું તથા નાણાકીય સાક્ષરતા વિકસાવવી પણ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બેંકિંગ સેવાઓ અંગેની જાગૃતિ વધારવા માટે સ્થાનિક સ્તરે માર્ગદર્શન અને સતત સંપર્ક ઉપયોગી બની શકે છે.

આમ, જનધન યોજના હેઠળ આશરે ૧૯ લાખ લાભાર્થીઓને જોડવામાં ગ્રામ્ય સહકારી બેંકોનું યોગદાન સહકારી બેંકિંગ વ્યવસ્થાની ગ્રામ્ય પહોંચને ઉજાગર કરે છે. ખાતું ખોલાવવાથી આગળ વધીને દરેક લાભાર્થી ખાતાનો નિયમિત ઉપયોગ કરે અને બેંકિંગ સેવાઓનો વાસ્તવિક લાભ મેળવી શકે તે સુનિશ્ચિત કરવું નાણાકીય સમાવેશને વધુ અસરકારક બનાવવાની દિશામાં અગત્યનું પગલું બની રહેશે.

ભારતીય બીજ સહકારી... પાના નં. 1નું અનુસંધાન

અસમર્થ હોય તો તેને માત્ર આ કારણસર સંબંધિત સેવાઓથી વંચિત રાખી શકાશે નહીં.

આવા કિસ્સાઓમાં ઓળખના વૈકલ્પિક પુરાવા તરીકે પાનકાર્ડ અને મતદાર ઓળખપત્રનો ઉપયોગ કરી શકાશે. આ જોગવાઈથી ડિજિટલ ઓળખ ચકાસણીને પ્રોત્સાહન આપવા સાથે ખેડૂતોની પસંદગી અને સેવાઓ મેળવવાના અધિકારોનું રક્ષણ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

જાન્યુઆરી ૨૦૨૩માં સ્થાપિત BBSSL સહકારી ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત બીજની ઉપલબ્ધતા વધારવા અને ખેડૂતોને વધુ સારી સેવાઓ પૂરી પાડવાના હેતુથી કાર્યરત છે. સંસ્થાની નાણાકીય કામગીરીમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં આશરે ₹૫૯.૨૫ કરોડની આવક નોંધાવનાર સંસ્થાની આવક વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને લગભગ ₹૨૨૨ કરોડ થઈ હતી. જાન્યુઆરી 2023માં બહુ-રાજ્ય સહકારી મંડળી અધિનિયમ, 2002 હેઠળ સ્થાપિત બીબીએસએસએલને પાંચ અગ્રણી સહકારી સંસ્થાઓએ પ્રોત્સાહન આપ્યું હતું. આ સંસ્થાઓમાં ભારતીય ખેડૂત ખાતર સહકારી લિમિટેડ (IFFCO), કૃષક ભારતી સહકારી લિમિટેડ (KRIBHCO), નાફેડ (NAFED), રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) અને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)નો સમાવેશ થાય છે. આ પાંચેય સંસ્થાઓએ પ્રારંભિક તબક્કે પ્રત્યેક ₹50 કરોડનું યોગદાન આપ્યું હતું.

બીબીએસએસએલની અધિકૃત શેરમૂડી ₹500 કરોડ છે, જ્યારે ભરપાઈ થયેલી શેરમૂડી ₹250 કરોડ છે. ક્રિભકો (KRIBHCO) આ સંસ્થાની મુખ્ય પ્રેરક સંસ્થા છે. આધાર ઓથેન્ટિકેશનની મંજૂરીથી BBSSLના ડિજિટલ પોર્ટલ પર ખેડૂતોની ઓળખ ચકાસણીની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત બનાવવાની સંભાવના છે. સાથે જ, સ્વૈચ્છિક આધાર ચકાસણી અને વૈકલ્પિક ઓળખ પુરાવાની જોગવાઈઓ દ્વારા ખેડૂતો માટે સેવાઓની સુલભતા જાળવી રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

પેક્સ-ડીસીસીબી-... પાના નં. 4નું અનુસંધાન

સહકારી બેંકોની ડિજિટલ ક્ષમતાઓ વિકસાવવા અને સાયબર સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ડિજિટલ સેવાઓનો વિસ્તાર, સુરક્ષિત વ્યવહારો અને ગ્રાહકોના નાણાકીય ડેટાનું રક્ષણ સહકારી બેંકિંગ વ્યવસ્થાને વિશ્વસનીય બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

બેઠકમાં શહેરી સહકારી બેંકો (UCBs)ને મજબૂત બનાવવા માટે નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NUCFDC)ની ભૂમિકાને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. આ માધ્યમથી શહેરી સહકારી બેંકોની સંસ્થાકીય અને નાણાકીય ક્ષમતાઓ વધારવા તથા તેમના વિકાસ માટે જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સહકારી બેંકિંગના સર્વાંગી વિકાસની દિશામાં પહેલ કરતાં સહકારી બેંકિંગ વ્યવસ્થા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બચત, ધિરાણ અને અન્ય નાણાકીય સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેથી તેની સંસ્થાકીય ક્ષમતા, ટેકનોલોજીકલ સજ્જતા અને વ્યવસાયિક કાર્યક્ષમતામાં સુધારો સમગ્ર સહકારી ક્ષેત્રના વિકાસ માટે ઉપયોગી બની શકે છે.

રાષ્ટ્રીય સહકાર નીતિ–૨૦૨૫ના ઉદ્દેશ્યોને અનુરૂપ આ પ્રકારની સમીક્ષા સહકારી બેંકિંગ વ્યવસ્થાને વધુ આધુનિક, સુરક્ષિત, સ્પર્ધાત્મક અને સર્વસમાવેશક બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ છે. શાખાઓના વિસ્તરણ, નવી સેવાઓ, સરકારી વ્યવસાયની તકો અને ડિજિટલ સુરક્ષાના ક્ષેત્રોમાં અસરકારક અમલીકરણ દ્વારા સહકારી બેંકોની કાર્યક્ષમતા વધારવાની સાથે સભ્યો અને ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવાનો માર્ગ મોકળો થઈ શકે છે.

આ સમીક્ષા ચર્ચાઓ દર્શાવે છે કે કેન્દ્ર સરકાર સહકારી બેંકોની સંસ્થાકીય ક્ષમતા, ટેક્નોલોજીકલ સજ્જતા અને સેવાઓની પહોંચ વધારવા પર ભાર મૂકી રહી છે. આ પ્રયાસોનો મુખ્ય ઉદ્દેશ સહકારી ધિરાણ વ્યવસ્થાને વધુ મજબૂત, સ્થિતિસ્થાપક અને સર્વસમાવેશક બનાવવાનો છે, જેથી સહકારી બેંકો બદલાતા નાણાકીય અને ટેક્નોલોજીકલ વાતાવરણમાં વધુ અસરકારક રીતે કાર્ય કરી શકે.

ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરટિવ બેંક લિ. દ્વારા "Joy of Giving" ની ઉજવણી કરવામાં આવી

અમદાવાદ : ગુજરાતની અગ્રગણ્ય હરોળની મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ કો.ઓપ. બેંક, ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરટિવ બેંક લિ. બેન્કીંગ કામકાજની સાથે વિવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓ વર્ષોથી કરતી આવી છે. જેમાં દર વર્ષે ઓકટોબર મહિનામાં 'Joy of Giving' અંતર્ગત કર્મચારીઓ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે.

'Joy of Giving' અંતર્ગત વધુમાં વધુ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચવા માટે આ વર્ષે કર્મચારીઓ દ્વારા ગ્રાહકો, પરિચિતો તેમજ શુભેચ્છકો પાસેથી તેમના ઘરમાં રહેલી બિનજરૂરી પણ ઉપયોગમાં લઈ શકાય તેવી વસ્તુઓ તથા અનાજનું એકત્રીકરણ કરવામાં આવેલ. સૌ સેવાભાવી લોકોના સહયોગથી કર્મચારીઓએ 27,000 થી વધુ સામગ્રી અને અનાજ ભરેલા ડોનેશન બોકસ એકત્રીત કરી સદવિચાર પરિવારના સહયોગથી જરૂરિયાતમંદ પરિવારોને પહોંચાડી અનેક ચહેરાઓ પર દિવાળીના શુભ પર્વે સ્મિત લાવવાનું શુભ કાર્ય કરેલ છે.

આ કામગીરીની મહેંક સમાજમાં ફેલાય તે માટે બેંક દ્વારા 'આનંદ અર્પણનો' કાર્યક્રમનું આયોજન પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડીટોરિયમ ખાતે રાજ્યપાલ, ગુજરાત રાજ્ય, શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે આ સામગ્રી ભરેલા 27,000 થી વધુ બોકસની પ્રતિકાત્મક અર્પણ વિધિ કરવામાં આવી હતી. જે સદ્વિચાર પરિવારનાં મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરી દ્વારા સ્વીકારવામાં આવેલ. ઉપરોકત પ્રસંગે ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, સદવિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પી.કે. લહેરી, કાલુપુર બેંકના ચેરમેન શ્રી મિનેશભાઈ પટેલ, પૂર્વ ચેરમેન અને ડિરેકટરશ્રી અંબુભાઈ પટેલ, શ્રી નવનીતભાઈ પટેલ, પૂર્વ ચેરમેન શ્રી દિનેશભાઈ અમીન તથા બેંકના સી.ઈ.ઓ. સી.એ. શ્રી વિરાગભાઈ શાહ તથા બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ અને મેનેજમેન્ટના સભ્યો, શાખા વિકાસ સમિતિના સભ્યો, સેવાભાવી સંસ્થાઓના વડાઓ, સદ્વિચાર પરિવારના સભ્યો, આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ, બેંકના ગ્રાહકો તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહેલ.



સૌરાષ્ટ્ર-કચ્છ 38.8% હિસ્સા સાથે સૌથી મોટો બાગાયત ઝોન બન્યો : બનાસકાંઠા બીજા ક્રમે


30 વર્ષમાં ગુજરાતમાં બાગાયત ખેતીમાં 350% વૃદ્ધિ 4.79 લાખ હેક્ટરથી વધીને 21.59 લાખ હેક્ટર થયો

ખેતીની પેટર્નમાં પરિવર્તન ખેડૂતો હવે પરંપરાગતમાંથી રોકડિયા પાક તરફ વળી રહ્યા છે

મહેસાણા : ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકામાં ખેતીના પાકની પસંદગીમાં મોટું પરિવર્તન આવ્યું છે. ખેડૂતો પરંપરાગત અનાજ-કઠોળના પાકોની સાથે ફળ, શાકભાજી, મસાલા અને ફૂલના પાકો તરફ વળ્યા છે. પરિણામે રાજ્યમાં બાગાયતી પાકોનો વિસ્તાર 1994-95માં 4,79,694 હેક્ટર હતો, જે 2024-25માં વધીને 21,59,011 હેક્ટર થયો છે. એટલે કે 30 વર્ષમાં બાગાયત ખેતીનો વિસ્તાર આશરે 350% વધ્યો છે. શાકભાજીના વાવેતરમાં 623%ની વૃદ્ધિ થઈ છે.

જીરું-ધાણાથી દાડમ-હળદર સુધી, પાકની પેટર્ન પણ બદલાઈ :

છેલ્લા 30 વર્ષમાં બાગાયત વિસ્તાર વધવાની સાથે ખેડૂતોની પાક પસંદગીમાં પણ મોટો ફેરફાર થયો છે. ભીંડા, ટામેટા, બટાટા અને કેરીના વાવેતરમાં પણ અનુક્રમે 1,545.5%, 785.5%, 681.4% અને 371.4%નો વધારો થયો છે. બીજી તરફ ઈસબગુલના વિસ્તારમાં 34.6% અને લસણમાં 25.1%નો ઘટાડો થયો છે. છેલ્લા ત્રણ દાયકામાં કાજુ, કમલમ (ડ્રેગનફ્રુટ), સ્ટ્રોબેરી, મીઠી અંબલી, ફાલશા, ગલગોટા, શક્કરિયા અને સરગવા જેવા નવા અથવા ઝડપથી વિસ્તરતા પાકો પણ બાગાયત ખેતીમાં આવ્યા છે.



પાક	પહેલાં (હેક્ટર)	હવે (હેક્ટર)
જીરું	1,24,600	4.76,557
ધાણા	2,000	1,30,817
દાડમ	1.764	43.490
હળદર	250	5.563

ઉત્તર ગુજરાતમાં બાગાયતનાં વિસ્તાર 4.84 લાખ હેક્ટર થયા :

2024-25માં બાગાયત વિસ્તારની દ્રષ્ટિ કચ્છ 1,65.398 હેક્ટર સાથે રાજ્યમાં પ્રથમ ક્રમે છે. ત્યારબાદ બનાસકાંઠા 1,56,93 હેક્ટર, સુરેન્દ્રનગર 1,50.902 હેક્ટ મોરબી 1,05,539 હેક્ટર અને રાજકો 1,02.996 હેક્ટર સાથે અગ્રણી જિલ્લામાં છે. ઉત્તર ગુજરાતમાં 1994-95માં 1,30.603 હેક્ટર વિસ્તાર બાગાયતી પાકો લેવાતા હતા. જે 2024-25માં વધીને 4,84,694 હેક્ટર થયા છે એટલે કે 30 વર્ષમાં 271.1%નો વધારો થયો છે અને વાર્ષિક વૃદ્ધિદર 4.47% રહ્યો છે.

સિંચાઈ, વધુ વળતર અને બજાર જોડાણથી બાગાયતને વેગ :

ગુજરાતમાં બાગાયત ખેતીના વિસ્તાર પાછળ સિંચાઈ સુવિધાનું વિસ્તરણ, રોકડીયા પાકોમાં વધુ વળતર, બજાર સાથેનું જોડાણ, આધુનિક ટેક્નોલોજીનો સ્વીકાર, વરસાદની અનિશ્ચિતતા અને સરકારી સહાય જેવા પરિબળો મુખ્ય રહ્યા છે.

કૃષી ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવા તેલીબિયાં પાક માટે સેન્ટર ઓફ એક્સલન્સ મંજૂર

સંશોધન કેન્દ્ર માટે સરકાર દ્વારા કુલ 10 કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર

ગાંધીનગર : ગુજરાતના કૃષિ અને સહકાર વિભાગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે તેલીબિયાં પાકો માટેનું ખાસ 'સેન્ટર ઓફ એક્સેલન્સ' સ્થાપવાની યોજનાને દાયકાઓથી સૌરાષ્ટ્રના કૃષિ અર્થતંત્રની કરોડ રજ્જુ સમાન ગણાતા આ સંશોધન કેન્દ્ર માટે સરકારે કુલ 10 કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર કર્યું છે, જેમાંથી 2.02 કરોડ રૂપિયાનો પ્રારંભિક હપ્તો ત્વરિત કામગીરી માટે ચાલુ નાણાકીય વર્ષ 2026-27 ના બજેટમાંથી ફાળવી પણ દેવાયો છે. સરકારનો આ નિર્ણય માત્ર બાંધકામ કે ભૌતિક માળખાના વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે બદલાતી આબોહવાના આ દોરમાં કૃષિ ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવાની દિશામાં કદમ છે.

વર્ષ 1956 થી મગફળી, તલ, દિવેલા અને રાઈ જેવા મુખ્ય તેલિબિયાં પાકો પર સતત કામ કરી રહેલી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી માટે આ નવું ક્લેવર વૈશ્વિક સ્તરના સંશોધનોના દ્વાર ખોલશે. ગ્લોબલ વોર્મિંગ અને અનિયમિત ચોમાસાના કારણે જ્યારે ખેતી જોખમી બની રહી છે, ત્યારે આ કેન્દ્રનું મુખ્ય ધ્યાન વિપરીત વાતાવરણ અને ઓછા પાણીમાં પણ મબલખ પાક આપતી રોગપ્રતિકારક જાતો વિક્સાવવા પર રહેશે. આધુનિક લેબોરેટરીઓ અને ટેકનોલોજીના સમન્વયથી પ્લાન્ટ બ્રીડિંગ અને પેથોલોજી જેવા ક્ષેત્રોમાં નવો પ્રાણ ફૂંકાશે.



આ કેન્દ્રની સૌથી મોટી સફળતા ત્યારે ગણાશે જ્યારે અહીં તૈયાર થનારા ઉચ્ચ ગુણવત્તાયુક્ત 'બ્રિડર સીડ્સ' એટલે કે શુદ્ધ બિયારણો સીધા સામાન્ય ખેડૂતના ખેતર સુધી પહોંચશે. વૈજ્ઞાનિક સંશોધન અને જમીની વાસ્તવિકતા વચ્ચેનો સેતુ બનનારું આ સેન્ટર ઓફ એક્સેલન્સ આગામી સમયમાં તેલીબિયાંના વૈશ્વિક બજારમાં સ્થાનિક ખેડૂતોને સ્પર્ધાત્મક બનાવશે.

ગાયત્રી મંદિર ચાણસ્મા ખાતે પાટણ જિલ્લા સહકારી સંઘ દ્વારા મંત્રી - મેનેજર તાલીમ વર્ગની પૂર્ણાહુતિ

પાટણ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ. અમદાવાદની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત પાટણ જિલ્લા સહકારી સંઘ દ્વારા તારીખ 21/09/2026 થી તારીખ 19/10/2026 દરમિયાન આયોજિત 28 દિવસના મંત્રી- મેનેજર તાલીમ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ ગાયત્રીમંદિર ચાણસ્મા ખાતે ઉત્સાહભેર યોજાયો હતો. આ તાલીમ વર્ગનું સફળ સંચાલન સી.ઈ,આઈ. શ્રી કથન એમ.જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પૂર્ણાહુતિ પ્રસંગે પાટણ જિલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલ તથા ગાયત્રી મંદિરના ટ્રસ્ટી અને સહકારી આગેવાન શ્રી અરવિંદભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ વર્ગમાં અંદાજે 23 જેટલા તાલિમાર્થીઓ સફળતાપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પાટણ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી સુરેશભાઈ પટેલે શુભેચ્છા સંદેશ પાઠવતાં જણાવ્યું હતું કે "કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ સહકાર ક્ષેત્ર હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે. વધુને વધુ લોકો સહકારી ક્ષેત્રે જોડાય અને આ ચળવળને આગળ ધપાવે તે સમયની માંગ છે. "

આ પાટણ જિલ્લા સહકારી સંઘના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભરતભાઈ રાજપૂરાહિત શુભેચ્છા પાઠવતાં એના સહકારી મંડળીઓ કામગીરી તેનું મહત્ત્વ અને ભવિષ્ય દિશા અંગે તાલીમાર્થીઓને વિસ્તૃત માહિતી તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુચારૂ સંચાલન સી.આઈ.આઈ શ્રી.કથન એમ. જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને તાલીમાર્થીઓનો આભારવ્યક્ત કરવામાં આવ્યો હતો.

યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

આણંદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ અને તાલીમની કામગીરીના ભાગરૂપે આણંદ જિલ્લા સહકારી સંઘ, દ્વારા એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે યુવા સહકારી શિક્ષણ તાલીમ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં આણંદ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી કાર્તિકભાઈ પટેલે જણાવ્યું કે, સહકારી ક્ષેત્રના વિકાસ માટે યુવાધનની મજબૂત ભૂમિકા ખૂબ જ જરૂરી છે. આજના આધુનિક પ્રવૃત્તિના માધ્યમથી યુવાનોને સશક્ત બનાવી ને ભારતીય સહકારી ક્ષેત્રના વિસ્તરણ માટે વૈશ્વિક સહકારી સંગઠનો સાથે ભાગીદારીની નવી જરૂરિયાતના માધ્યમથી યુવાનો નવી દિશા અને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં ખુબ જ મહત્વનો ભાગ છે. અને સહકારી પ્રવૃત્તિને ખૂબ જ વિકસાવે તેવો અનુરોધ કરેલ.



સદર કાર્યક્રમમાં કોલેજના અધ્યાપક ડો. વાળાએ સહકારી ક્ષેત્રે યુવાનો ખૂબ જ આગળ વધે. સહકારી ભાવના, સામૂહિક જવાબદારી વધે. સહકારી ક્ષેત્રે પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસે તેવા પ્રયત્નો કરવામાં આવે.

સદર સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના સી.ઈ.આઈ. શ્રી હિતેશ રાઠોડે કર્યું હતું અને કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના ડો. મુકેશ મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ 45 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર તાલીમ પૂર્ણ કરી હતી.

નિકાસ સપ્ટેમ્બરમાં 23% વધીને $44.4 અબજ થઈ

નવી દિલ્હી : દેશની નિકાસ સપ્ટેમ્બર મહિનામાં 23 ટકા વધીને 44.4 અબજ ડોલર થઈ હતી. આયાત 8 ટકા વધીને 74.61 અબજ ડોલર થઈ હતી. ટ્રેડ ડેફિસિટ ઘટીને 30.21 અબજ ડોલર થઈ છે. ગત વર્ષે આ ગાળામાં ટ્રેડ ડેફિસિટ 33 અબજ ડોલર હતી. ઓગસ્ટ મહિનાની સરખામણીમાં જોઈએ તો મર્ચન્ડાઈઝ નિકાસ 80,75 અબજ ડોલર થઈ હતી, જે ઓગસ્ટમાં 43.81 અબજ ડોલર હતી. આયાત 94.05 અબજ ડોલર થઈ હતી, જે ઓગસ્ટમાં 70.67 અબજ ડોલર હતી. ટ્રેડ ડેફિસિટ સપ્ટેમ્બર મહિનામાં ઘટીને 13.3 અબજ ડોલર થઈ હતી, જે ઓગસ્ટમાં 26.86 અબજ ડોલર હતી.

ગુરુવારે સરકારે આ સત્તાવાર આંકડા જાહેર કર્યા હતા, એપ્રિલથી સપ્ટેમ્બરના 6 મહિનાના ગાળામાં નિકાસ 18.51 ટકા વધીને 259.89 અબજ ડોલર થઈ હતી, જ્યારે આયાત 16.31 ટકા વધીને 437.53 અબજ ડોલર થઈ હતી. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે કહ્યું હતું કે નિકાસમાં વૃદ્ધિનો ટ્રેન્ડ સપ્ટેમ્બરમાં પણ ચાલુ રહ્યો છે. Q1 કરતાં Q2માં નિકાસ વધી છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વસ્તુઓની નિકાસ ઘણી મજબૂત રહી છે. તેમણે કહ્યું કે વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)ના અંદાજ અનુસાર વૈશ્વિક સ્તર પર સર્વિસીઝ ટ્રેડ ગ્રોથ 2026માં ધીમો પડીને 3.3 ટકા થશે, જે અગાઉ તેણે 4 ટકા આપ્યો હતો.



ગુજરાત 16,086 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે પવન ઊર્જામાં દેશનું અગ્રણી રાજ્ય બન્યું

અમદાવાદ : મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ગુજરાતે પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા અને વીજ ઉત્પાદન બંનેમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. 30મી, જૂન, 2026ના આંકડા મુજબ, ગુજરાતમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા 16,086 મેગાવોટ સુધી પહોંચી છે. જે દેશના તમામ રાજ્યોમાં સર્વાધિક છે. આ ઉપરાંત, નાણાકીય વર્ષ 2025- 26 દરમિયાન ગુજરાતે પવન ઊર્જામાંથી 33,706 મિલિયન યુનિટ વીજ ઉત્પાદન કર્યું છે. જે દેશના કુલ પવન ઊર્જા ઉત્પાદનના લગભગ એક- તૃતીયાંશ જેટલું છે.

ભારતની કુલ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા 57,443 મેગાવોટ છે; જ્યારે વર્ષ 2025-26 દરમિયાન તેનું વાર્ષિક વીજ ઉત્પાદન વધીને 106 અબજ યુનિટ થયું છે. આ રાષ્ટ્રીય સિદ્ધિમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. ભારતમાં પવન ઊર્જા ક્ષેત્રે પ્રથમ પવન ઊર્જા નીતિ અમલમાં મૂકનાર રાજ્ય તરીકે આ ક્ષેત્રના વિકાસમાં અગ્રણી યોગદાન આપ્યું છે. ઈનોવેશનને પ્રોત્સાહન આપતી પહેલો અને રોકાણકારોને અનુકૂળ નીતિઓના પરિણામે રાજ્યમાં નવીનીકરણીય ઊર્જાના વિકાસ માટે મજબૂત ઈકોસિસ્ટમ વિકસી છે. તેના પરિણામે પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં સતત વધારો થયો છે અને નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે ગુજરાતનું મૉડલ અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બન્યું છે. નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે વિવિધ યોજનાઓ અને નીતિગત સુધારાઓ અમલમાં મૂક્યા છે.



ગુજરાતે વર્ષ 2025-26 દરમિયાન પવન ઊર્જામાંથી 33,706 મિલિયન યુનિટ વીજ ઉત્પાદન કર્યું કર્યું

વેરાવળ પીપલ્સ બેંકની 63મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

વેરાવળ : સૌરાષ્ટ્રની અગ્રણી ધ વેરાવળ પીપલ્સ કો-ઓપરેટિવ બેંકની 63 મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. તેમાં સભાસદો સમગ્ર વર્ષ દરમિયાન બેંકે કરેલી પ્રગતિ અને 13 ટકા લેખે ડિવિડંડ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

વાર્ષિક સાધારણ સભા બેંકના ચેરમેનશ્રી પ્રકાશભાઈ તન્નાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં બેંકના વાઈસ ચેરમેનશ્રી રમેશભાઈ ઠકરાર, બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેનશ્રી મુકેશભાઈ રૂપારેલીયા, વાઈસ ચેરમેનશ્રી ઉપેન્દ્રભાઈ તન્ના, ડિરેક્ટરો શ્રી મેરાભાઈ ગંગદેવ, શ્રી ભદ્રેશભાઈ દાવડા, શ્રી સંદીપભાઈ રાયઠા, શ્રી જતીનભાઈ રાજા સહિત ઉપસ્થિત રહ્યા હતા. સાધારણ સભામાં બેંકની પ્રગતિની માહિતી આપતા જીએમ શ્રી નરેન્દ્રભાઈ શિંગાળાએ જણાવ્યું કે, બેંકનું નાણાકીય વર્ષ 2025-26માં કાર્યકારી ભંડોળ રૂ.500 કરોડ વટાવી ગયું છે. ડિપોઝિટ રૂ.418.05 કરોડે પહોંચી છે. ધિરાણ રૂ.232.05 કરોડનું ક્યું છે. બેંકનો નફો રૂ.3.94 કરોડનો થયો છે. બેંકને નાણાકીય વર્ષમાં સભાસદોના વિશ્વાસ થકી તમામ ક્ષેત્રોમાં પ્રગતિ સાથે વૃદ્ધિ હાંસલ કરતા બેંકના ડિરેક્ટરો દ્વારા સભાસદોને 13 ટકા ડિવિડંડ આપવાની ભલામણ કરી હતી.

નવાનગર કો-ઓપરેટિવ બેંકની 48મી વાર્ષિક સામાન્ય સભા મળી

જામનગર: જામનગરમાં નવાનગર સહકારી બેંકની સામાન્ય સભા ચેરમેનશ્રી અશોકભાઈ જોબનપુત્રા, બોર્ડના સભ્યો, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો તથા તાજેતરમાં નિવૃત્ત થયેલા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ તથા સભાસદોની ઉપસ્થિતિમાં મળી હતી.

બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન સી.એ. શ્રી જાનવી શાહ દ્વારા બેંકનો પ્રગતિ અહેવાલ આપવામાં આવ્યો. જેમાં બેંકની વર્ષાન્તે રહેલ રૂ. 1058.18 કરોડ જેવી ડિપોઝિટ, રૂ. 411,54 કરોડ ધિરાણ, રૂ.742 કરોડના રોકાણો તથા રૂ.23.52 કરોડના કાર્યકારી નફો જેવી બેંકની નાણાકીય સદ્ધરતા અને નફાકારકતા દર્શાવી હતી.

સી.ઈ.ઓ. શ્રી રશ્મીકાંતભાઈ પાઠક અને આસિ.જનરલ મેનેજરશ્રી અજયભાઈ શેઠની ઉપસ્થિતિમાં અલગ-અલગ એજન્ડા મુજબ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

'સહકારથી સમૃદ્ધિ'ને નવી દિશા: દૂધ ઉત્પાદકોની આવક વધારવા 9 રાજ્યોમાં 20,000 ગ્રામ સહકારી મંડળીઓને જોડવાની પહેલ

આણંદ : ભારતમાં ડેરી સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવાના પ્રયાસોને વેગ મળી રહ્યો છે. આ દિશામાં ગુજરાતના આણંદ સ્થિત રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB)ના માર્ગદર્શન હેઠળ રચાયેલી કો-ઓપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન મલ્ટી-સ્ટેટ લિમિટેડ નામની રાષ્ટ્રીય સ્તરની બહુ-રાજ્ય સહકારી સંસ્થા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ પહેલ અંતર્ગત આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિત નવ રાજ્યોની અંદાજે ૨૦,૦૦૦ બહુહેતુક ગ્રામ્ય સહકારી મંડળીઓને જોડવાનું લક્ષ્ય છે.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ નાના પાયે પશુપાલન અને દૂધ ઉત્પાદન કરતા ખેડૂતોને વધુ મજબૂત સહકારી નેટવર્ક સાથે જોડવાનો છે. તેના પરિણામે ખેડૂતોને બજાર સુધી સીધી પહોંચ, દૂધના વાજબી ભાવ અને ચુકવણીની વધુ સારી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ગામડાંઓમાં દૂધ એકત્રિત કરવાની હાલની વ્યવસ્થાને એકીકૃત કરીને ખેડૂતોની બજાર સુધીની પહોંચ સુધારવા, તેમની સામૂહિક સોદાકીય શક્તિ વધારવા અને દૂધના મૂલ્યમાંથી તેમને વધુ હિસ્સો મળે તે સુનિશ્ચિત કરવાનો છે. સહકારી નેટવર્ક સાથે જોડાણ થવાથી નાના અને સીમાંત પશુપાલકોને સંગઠિત બજાર સુધી પહોંચવામાં મદદ મળી શકે છે, જ્યારે દૂધની ગુણવત્તા આધારિત ખરીદી અને પારદર્શક ચુકવણી વ્યવસ્થાને પણ પ્રોત્સાહન મળી શકે છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સહકારી વ્યવસ્થાના માધ્યમથી દૂધ ઉત્પાદકોને વાજબી ભાવ અપાવવા અને વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવાના મહત્વ પર ભાર મૂક્યો છે. તેમણે આપેલા એક સંદેશમાં જણાવ્યું હતું કે સહકાર મંત્રાલયની પહેલોના સૌથી મોટા લાભાર્થીઓ દૂધ ઉત્પાદકો બનશે. ખુલ્લા બજારમાં વચેટિયાઓને કારણે પશુપાલકોને ઘણી વખત તેમના દૂધના વળતરરૂપે યોગ્ય ભાવ મેળવવામાં મુશ્કેલી પડે છે. ખુલ્લા બજારમાં દૂધ વેચતા ખેડૂતોને પ્રતિ લિટર આશરે ₹35 મળી શકે છે, જ્યારે સહકારી

અનુસંધાન પાના નંબર : 2



ખેતરમાં સોલાર પેનલ અને નીચે પાકનું વાવેતર: એગ્રીવોલ્ટેઇક્સને પ્રોત્સાહન આપશે કેન્દ્ર સરકાર

નવી દિલ્હી: ખેડૂતોને એક જ ખેતરમાં અનાજ અને વીજળીનું ઉત્પાદન કરીને આવક વધારવાની તક પૂરી પાડવા કેન્દ્ર સરકાર એગ્રીવોલ્ટેઇક્સને પ્રોત્સાહન આપશે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે ખેડૂતકેન્દ્રિત એગ્રીવોલ્ટેઇક્સ નીતિ ઘડવા પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે સોલાર પેનલની સ્થાપનાથી ખેતીની ઉત્પાદકતા પર પ્રતિકૂળ અસર થવી જોઈએ નહીં. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલી ૭મી એગ્રીવોલ્ટેઇક્સ વર્લ્ડ કોન્ફરન્સમાં તેમણે ખેતી અને સૌર ઊર્જાના સંકલન દ્વારા ખેડૂતોની આવક વધારવાની સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

એગ્રીવોલ્ટેઇક્સ એવી પદ્ધતિ છે, જેમાં ખેતરમાં સોલાર પેનલ સ્થાપિત કરીને તેની નીચે અથવા વચ્ચે પાકનું વાવેતર કરવામાં આવે છે. આથી એક જ જમીનનો ઉપયોગ કૃષિ ઉત્પાદન અને સ્વચ્છ ઊર્જા એમ બંને હેતુઓ માટે થઈ શકે છે. ખેડૂતોને પાકની આવક ઉપરાંત વીજળીના ઉત્પાદન અને વેચાણથી વધારાની આવક મેળવવાની તક મળી શકે છે.

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે ભારતમાં એગ્રીવોલ્ટેઇક્સના વિસ્તરણની નોંધપાત્ર સંભાવના છે. ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ (TERI)ના અભ્યાસનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે દેશની 4.75 કરોડ હેક્ટર કૃષિ જમીન એગ્રીવોલ્ટેઇક્સ ટેક્નોલોજી માટે તકનીકી રીતે યોગ્ય છે. આ સંભવિત ક્ષમતામાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને ઉત્તરપ્રદેશનો સંયુક્ત હિસ્સો આશરે 50 ટકા જેટલો છે.

શ્રી જોશીએ જણાવ્યું હતું કે, અભ્યાસો અનુસાર એગ્રીવોલ્ટેઇક્સ પદ્ધતિથી પાકની ઉત્પાદકતામાં 10થી 20 ટકાનો વધારો થઈ શકે છે. તેમણે જાહેરાત કરી હતી કે સરકાર પીએમ-કુસુમ (PM-KUSUM) યોજનાના આગામી તબક્કા હેઠળ ટૂંક સમયમાં મહત્ત્વાકાંક્ષી એગ્રીવોલ્ટેઇક્સ કાર્યક્રમ શરૂ કરશે. આ ક્ષેત્રમાં અંદાજે 3.32 લાખ પૂર્ણકાલીન સ્થાનિક રોજગારીની તકો ઊભી થઈ શકે છે, જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારને પ્રોત્સાહન મળશે.

ભારતની નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રની પ્રગતિનો ઉલ્લેખ કરતાં શ્રી જોશીએ જણાવ્યું હતું કે વર્ષ 2014 પહેલાં દેશમાં વીજળી ઉત્પાદનની કુલ સ્થાપિત ક્ષમતા આશરે 249 ગીગાવોટ (GW) હતી, જે વધીને હવે 560 ગીગાવોટથી વધુ થઈ છે. જ્યારે બિન-અશ્મિભૂત ઊર્જા સ્ત્રોતોની સ્થાપિત ક્ષમતા 308 ગીગાવોટને વટાવી ગઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે પીએમ-કુસુમ યોજના હેઠળ અત્યાર સુધીમાં 30 લાખ કૃષિ પંપને સૌર ઊર્જા સાથે જોડવામાં આવ્યા છે. તેના પરિણામે ખેડૂતોને સિંચાઈ માટે

અનુસંધાન પાના નંબર : 2



૪.૭૫ કરોડ હેક્ટર કૃષિ જમીન એગ્રીવોલ્ટેઇક્સ માટે તકનીકી રીતે અનુકૂળ; PM-KUSUMના આગામી તબક્કા હેઠળ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમની જાહેરાત

સહકારી બેન્કિંગ ક્ષેત્રના સુધારાઓની કેન્દ્ર સરકાર દ્વારા સમીક્ષા

પેક્સ-ડીસીસીબી-સ્ટેટ કો-ઓપરેટિવ બેંક માળખાને મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂક્યો

નવી દિલ્હી: રાષ્ટ્રીય સહકાર નીતિ–2025ના અમલીકરણના ભાગરૂપે કેન્દ્ર સરકાર સહકારી બેન્કિંગ વ્યવસ્થાને વધુ સક્ષમ, આધુનિક અને સુરક્ષિત બનાવવા પર ભાર મૂકી રહી છે. આ દિશામાં સહકાર મંત્રાલય દ્વારા સહકારી ધિરાણ વ્યવસ્થાના ત્રણ સ્તરો—પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS), જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCBs) અને રાજ્ય સહકારી બેંકો (StCBs)ને મજબૂત બનાવવાની પ્રાથમિકતાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રીઓ શ્રી કૃષ્ણ પાલ ગુર્જર અને શ્રી મુરલીધર મોહોલની સહ-અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં સહકારી બેંકિંગ ક્ષેત્રની કાર્યક્ષમતા, સંસ્થાકીય ક્ષમતા અને સેવાઓના વિસ્તરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સહકારી ધિરાણ માળખાને વધુ મજબૂત બનાવીને ગ્રામ્ય વિસ્તારોમાં નાણાકીય સેવાઓની પહોંચ વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સહકારી બેંકોની શાખાઓનું વિસ્તરણ, નવી નાણાકીય સેવાઓ અને ઉત્પાદનોની શરૂઆત તથા સરકારી વ્યવસાય મેળવવાની તકો વધારવા અંગે ભાર મૂકવામાં આવ્યો હતો. આ પગલાંથી સહકારી બેંકોની સેવા પહોંચ વધારવાની સાથે તેમની આવકના નવા સ્ત્રોત વિકસાવવા અને અન્ય બેંકિંગ સંસ્થાઓ સાથે સ્પર્ધાત્મક ક્ષમતા મજબૂત બનાવવાની તક ઊભી થઈ શકે છે.

ડિજિટલ ક્ષમતા અને સાયબર સુરક્ષા પર ભાર મૂકી આધુનિક બેન્કિંગ વ્યવસ્થામાં ટેકનોલોજીનું મહત્ત્વ વધતાં

અનુસંધાન પાના નંબર : 2



PACS, જિલ્લા મધ્યસ્થ અને રાજ્ય સહકારી બેંકોની ક્ષમતા વધારવા પર ધ્યાન; ડિજિટલ સેવાઓ, સાયબર સુરક્ષા અને નવા વ્યવસાયિક અવસરોને પ્રાધાન્ય

બેન્ક ક્રેડિટમાં 19 ટકા અને ડિપોઝિટ્સમાં 18 ટકાનો વધારો

અમદાવાદ : રિઝર્વ બેન્કના તાજેતરના આંકડા અનુસાર, 30 સપ્ટેમ્બરે પૂરા થયેલા પખવાડિયામાં બેન્ક ક્રેડિટ (ધિરાણ) વાર્ષિક ધોરણે 19.38 ટકા વધીને રૂ. 230 લાખ કરોડ થયું છે, જ્યારે થાપણો (ડિપોઝિટ્સ) 17.83ટકા વધીને રૂ. 283.95 લાખ કરોડ પહોંચી છે.

જૂન અને ઓગસ્ટ વચ્ચે સેન્ટ્રલ બેન્કની રાહત દરે ફોરેન એક્સચેન્જ સ્વેપ સુવિધા હેઠળ ફોરેન કરન્સીનોન-રેસિડેન્ટ (બેન્ક), એટલે કે FCNR(B) થાપણો એકત્ર કરવાને કારણે ધિરાણ અને થાપણો બંનેમાં વધારો થયો છે.

પખવાડિયાના ધોરણે, બેન્ક ક્રેડિટમાં 3 ટકાથી વધુ વૃદ્ધિ થઈ હતી, જ્યારે થાપણોમાં 2.8 ટકાનો વધારો થયો હતો, જે ત્રિમાસિક ગાળાના અંતે ધિરાણ અને બેલેન્સ-શીટ પ્રવૃત્તિઓમાં સામાન્ય રીતે જોવા મળતા વિસ્તરણને દર્શાવે છે.

નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં બેન્ક ક્રેડિટમાં થયેલો ઉમેરો રૂ. 16.35 લાખ કરોડ રહ્યો હતો, જે પાછલા વર્ષના સમાન ગાળામાં ઉમેરાયેલા રૂ. 10.17 લાખ કરોડ કરતાં આશરે 1.6 ગણો છે. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે કૃષિ, ઉદ્યોગ, સેવાઓ અને પર્સનલ લોન જેવા તમામ ક્ષેત્રોમાં ક્રેડિટ ગ્રોથ વ્યાપક રહ્યો છે. થાપણોના સંચય (ડિપોઝિટ વૃદ્ધિ)માં પણ મજબૂતી આવી છે. બેન્કોએ FY27ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં રૂ. 21.67 લાખ કરોડની થાપણો ઉમેરી છે, જ્યારે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં રૂ. 15.18 લાખ કરોડ ઉમેરાયા હતા. જૂનમાં શરૂ કરાયેલી રિઝર્વ બેન્કની રાહત દરવાળી સ્વેપ ફેસિલિટીએ બેન્કો માટે મુદ્દલ રકમ પર હેજિંગ ખર્ચ ઘટાડીને વિદેશી ચલણની થાપણો એકત્ર કરવામાં પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ વધારાના ભંડોળે ધિરાણકર્તાઓને તેમની ફંડિંગ સ્થિતિ મજબૂત કરવામાં મદદ કરી અને ક્રેડિટ ગ્રોથને ટેકો આપવા માટે પૂરતી જગ્યા પૂરી પાડી.



ભારત સરકાર ઉપરાંત રાજ્ય સરકાર તરફથી પણ સબસિડી અપાશે

સોલાર રૂફટોપ લગાવવા ઈચ્છુક નાના, મધ્યમ વર્ગીય પરિવારો માટે વધારાની સ્ટેટ સબસિડી

અમદાવાદ : રાજ્યમાં સર્જાયેલી વીજતંગીની સ્થિતિ અંતર્ગત રાજ્યભરમાં સોલાર વીજ-વપરાશમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. જેના અનુસંધાને, સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા ઈચ્છતા નાના તથા મધ્યમ વર્ગીય, ગરીબ અને વંચિત પરિવારો માટે વધારાની સ્ટેટ સબસિડી સહાય આપવાનો નિર્ણય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠકમાં કરાયો હતો.

આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા રહેણાંકના હેતુના વીજ ગ્રાહકોને પ્રથમ ૨ કિલોવોટની ક્ષમતા સુધીના સોલાર રૂફટોપ સ્થાપન માટે 2. કિલો વોટથી ક્ષમતા સુધીના રૂફટોપ સ્થાપન માટે 30,000 પ્રતિ કિલોવોટ અને 3 કિલોવોટની ક્ષમતા સુધી કુલ રૂ. 78,000 રકમની સહાય ચૂકવવામાં આવે છે પરંતુ હવે, સોલાર રૂફટોપના સ્થાપન માટેની ભારત સરકારની આ સબસિડી ઉપરાંત રાજ્ય સરકાર તરફથી પણ સબસિડી આપવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય મુજબ સોલાર સિસ્ટમના બેન્ચમાર્ક કોસ્ટ સામે સામાન્ય વીજ ગ્રાહકે માત્ર 10 ટકા ફાળો જ ભોગવવાનો રહેશે. જ્યારે, અનુસૂચિત જાતિ- અનુસૂચિત જન જાતિ (એસસી- એસટી) કેટેગરીના વીજ ગ્રાહકે માત્ર 5 ટકા ફાળો જ આપવાનો રહેશે. બાકીનો તમામ ખર્ચ કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સબસિડી રૂપે ચૂકવવામાં આવશે.

આ નવા નિર્ણયથી રાજ્યના 3 લાખથી વધારે પરિવારોને સીધો લાભ થશે અને આ માટે રાજ્ય સરકાર અંદાજે રૂ. 1000 કરોડનો ખર્ચ કરશે. રાજ્ય સરકારે એવો દાવો કર્યો છે કે, પીએમ સૂર્ય ઘર-મુક્ત બિજલી યોજના હેઠળ સોલાર રૂફટોપ લગાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ યોજના હેઠળ રાજ્યના 8.5 લાખથી વધુ ઘરો પર સોલાર રૂફટોપ લાગી ચૂકી છે પરંતુ હવે, રાજ્ય સરકારનો ધ્યેય છે કે, આ યોજનાનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને ખાસ કરીને સામાન્ય તથા ગરીબ પરિવારોને પણ નજીવા દરે વીજળી મળી શકે તે માટે ગુજરાત સરકાર હવે કેન્દ્ર સરકારની સબસીડી ઉપરાંત વધારાની સબસીડી આપશે.



કોને-કેટલી સહાય મળવાપાત્ર રહેશે ?

1 કિલોવોટ ક્ષમતાના સોલાર રુફ ટોપ માટે :

- બેન્ચમાર્ક ખર્ચ રૂ. 54,000 થશે
- કેન્દ્ર સરકારની સહાય રૂ. 32,400 મળવાપત્ર થશે
- ગુજરાત સરકાર સામાન્ય કેટેગરી માટે રૂ. 16,200 સહાય આપશે
- એસસી-એસટી કેટેગરી માટે રૂ. 18,900 સહાય આપશે
- સામાન્ય ગ્રાહકને 10 ટકા લેખે રૂ. 5,400નો ફાળો આપવો પડશે

અનુસંધાન પાના નંબર : 2

^ સોલાર સિસ્ટમના બેન્ચમાર્ક કોસ્ટ સામે સામાન્ય વીજ ગ્રાહકે 10 ટકા, SC-ST કેટેગરીના વીજ ગ્રાહકે 5 ટકા જ ફાળો આપવાનો રહેશે
^ મુખ્યમંત્રીના આ નિર્ણયથી રાજ્યના 3 લાખથી વધારે પરિવારોને લાભ થશે, આ માટે રાજ્ય સરકારને અંદાજે રૂ. 1000 કરોડનો ખર્ચ થશે

બેંકનું લોન આઉટ સ્ટેન્ડિંગ બમણું થઈ 1128 કરોડ થયું, રિઝર્વ ફંડ વધીને 722 કરોડે પહોંચ્યું

ખેતી બેંકે ચાર વર્ષ સુધી નેટ NPA શૂન્ય કરી, સહકારી બેંકોમાં દેશમાં પ્રથમ, પાંચ વર્ષમાં નફો 29 કરોડથી વધી 81 કરોડ થયો

અમદાવાદ : આજે રાજ્યમાં અને દેશમાં અનેક સહકારી બેંકો આર્થિક કટોકટી અને વધતી જતી એનપીએને કારણે નુકસાનીમાં ધકેલાઈ રહી છે કે બંધ થવાના આરે પહોંચી રહી છે ત્યારે ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામ વિકાસ બેંક (ખેતી બેંક) મજબૂત નાણાકીય સ્થિરતા સાથે પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

વર્ષ 2021થી 2026માં બેંક લોન વસૂલાત, નફો, એનપીએ નિયંત્રણ, ડિજિટલ સેવાઓમાં સુધારાને પ્રાથમિકતા અપાઈ છે. જેના પરિણામે બેંકનો ચોખ્ખો નફો 29.29 કરોડથી વધીને 81.63 કરોડે પહોંચ્યો છે. સૌથી મોટી સિદ્ધિ એ છે કે, વર્ષ 2021-22માં જે નેટ એનપીએ 24.39 ટકા જેટલી ઊંચી હતી, તેને ઘટાડી 2022-23થી સતત ચાર વર્ષ માટે શૂન્ય કરી દેવાઈ છે. દેશની રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામ વિકાસ બેંકોમાં શૂન્ય એનપીએનું પરિણામ હાંસલ કરનાર ખેતી બેંક પ્રથમ હોવાનો દાવો કરાઈ રહ્યો છે. 2.51 લાખ સભાસદો ધરાવતી બેંકનું લોન આઉટસ્ટેન્ડિંગ 550.43 કરોડથી વધી 1,128.87 કરોડ થયું છે. બેંકનો ગ્રોસ પ્રોફિટ 111 કરોડ છે.


વ્યાજદર ઘટાડ્યો, OTS દ્વારા 125 કરોડની રાહત :

બેંકની આર્થિક સધ્ધરતા વધવાની સાથે રિઝર્વ ફંડમાં વધારો થયો છે. રિઝર્વ ફંડ રૂ. 600.79 કરોડથી વધી 722.74 કરોડ થયું છે. ખેડૂત સભાસદોને આર્થિક બોજમાંથી મુક્ત કરવા બેંક લોન પરનો 15 ટકા વ્યાજદર ઘટાડી 12 ટકા કર્યો છે. ઉપરાંત વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ લાગુ કરીને ખેડૂતોને વ્યાજ અને પેનલ્ટીમાં કુલ 125 કરોડની મોટી રાહત આપવામાં આવી છે.

બેન્કિંગ વ્યવસ્થાને સમયની જરૂરિયાત મુજબ બદલી :

બેંકની પ્રગતિ માટે સૌથી પહેલાં બાકી લોનની વસૂલાતને પ્રાથમિકતા આપી અને વસૂલાતની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવી. નાણાકીય મુશ્કેલીમાં રહેલા ખેડૂતોને રાહત મળે અને બેંકની વસૂલાત પણ ઝડપી બને તે માટે ઓટીએસ યોજના અમલમાં મૂકી. વ્યાજનું ભારણ ઓછું થાય તે માટે વ્યાજદર 15થી ઘટાડીને 12 ટકા કરવાનો નિર્ણય લીધો. સાથે બેન્કિંગ વ્યવસ્થાને સમયની જરૂરિયાત મુજબ બદલવા કોર બેન્કિંગ, ટેબ્લેટ આધારિત બેન્કિંગ અને ડોરસ્ટેપ સેવા શરૂ કરવામાં આવી. બેંકના વહીવટમાં પારદર્શિતા અને ઝડપ લાવવા ડિજિટલ બોર્ડ રૂમ, પેપરલેસ બેઠક અને ડિજિટલ દસ્તાવેજોની વ્યવસ્થા અમલમાં મૂકી, ખેડૂતોને લોન મેળવવામાં સરળતા રહે તે માટે મંજૂર લોનની રકમ સીધી તેમના બચત ખાતામાં જમા કરવાની વ્યવસ્થા કરી અને ખેડૂતોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી નવી લોન યોજના અને હેતુનો સમાવેશ કર્યો.

- ડોલર કોટેચા, ચેરમેનશ્રી, ખેતી બેંક.



Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-11-2026